# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-07-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

***************************************************

- ✓ કઝાકિસ્તાનમાં વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદ સામે લડવાની એસસીઓની પ્રાથમિકતા
- ✓ ગુજરાત અને કેરળ સહિત પશ્ચિમના તટીય પ્રદેશમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી
- ✓ મુંબઇમાં મરાઠા અનામત અંગે મહારાષ્ટ્રના મંત્રી છગન ભૂજબળ અને શરદ પવાર વચ્ચે બેઠક
- ✓ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં પાક સૈન્ય છાવણીમાં થયેલા આતંકવાદી હુમલામા 17 જવાનના મોત
- ✓ દેશમાં માલસામાન નિકાસ જૂનમાં 2.56 ટકા વધીને 35.20 અબજ અમેરિકી ડોલર પર પહોંચી

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# S JAISHANKAR ON TERRORISM

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે પાકિસ્તાન પર પરોક્ષ પ્રહાર કર્યા હતા. શ્રી જયશંકરે કહ્યું, પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ માટે આંતકવાદ એક જોખમ બની ગયું છે. તેમ જ આતંકવાદી હુમલાઓ કરનારાઓને અને આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડનારાઓની ઓળખ કરી તેમને સજા આપવાની જરૂર છે.

તાજેતરમાં જ કઝાકિસ્તાનમાં અસ્તાનાની સમાચાર સંસ્થા સાથેના એક ઈન્ટરવ્યૂમાં શ્રી જયશંકરે એ વાત પર પણ ભાર મુક્યો હતો કે, આતંકવાદ, અલગાવવાદ અને ઉગ્રવાદ સામેની લડાઈ શાંઘાઈ સહયોગ સંગઠન – SCOની પ્રાથમિકતા છે. SCOના રાષ્ટ્રાધ્યક્ષ પરિષદની 24મી બેઠક કઝાકિસ્તાનની રાજધાની અસ્તાનામાં કઝાકિસ્તાનની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

શ્રી જયશંકરે કહ્યું કઝાકિસ્તાને આતંકવાદ, અલગાવવાદ અને કટ્ટરતા સામે યુદ્ધ છેડવાના પ્રસ્તાવ પર વિચાર-વિમર્શ કર્યો તે સારી વાત છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે સમગ્ર પશ્ચિમ કિનારાના તટિયપ્રદેશો અને ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે આજે કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, દરિયાકાંઠાના અને દક્ષિણ આંતરિક કર્ણાટક, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અલગ-અલગ વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની સંભાવના છે. તેણે આ વિસ્તારો માટે રેડ એલર્ટ અને કેરળમાં આજે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન તેલંગાણા, તટીય આંધ્રપ્રદેશ અને યાનમ, છત્તીસગઢ, ઉત્તર આંતરિક કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી કરી છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક, આર કે જેનામાનીએ જણાવ્યું હતું કે ઓડિશાના દરિયાકાંઠે હળવુ દબાણ સર્જાયુ છે અને પરિણામે ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક પ્રદેશોમાં ચોમાસું સક્રિય બન્યું છે.

# Pavar Bhujbal NCP

નેતા અને મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળે સોમવારે NCP ના વડા શરદ પવાર સાથે મુંબઈમાં બેઠક કરી હતી. શરદ પવારના નિવાસસ્થાને યોજાયેલી બેઠક અંગે બોલતા, શ્રી ભુજબળે કહ્યું કે તેમણે મરાઠા અનામત અને તેના પર ઓબીસીના વિરોધ અંગે શ્રી પવારની દરમિયાનગીરીની માંગણી કરી હતી.

શ્રી ભુજબળે જણાવ્યું હતું કે જ્યારે તેઓ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હતા ત્યારે રાજ્યમાં મંડલ કમિશનની ભલામણોના અમલ કરવાના તેમના નિર્ણયનીપણ યાદ અપાવી હતી જેમાં શિક્ષણમાં અને સ્થાનિક ગવર્નિંગ બોડીઓની ચૂંટણીમાં ઓબીસી અનામતની દરખાસ્ત કરવામાં આવી હતી.

# COAL MINING

કોલસા મંત્રાલયે 7મા રાઉન્ડના બીજા પ્રયાસ હેઠળ ત્રણ કોલસાની ખાણોની હરાજી માટે કોલ માઇનિંગ ડેવલપમેન્ટ અને પ્રોડક્શન એગ્રીમેન્ટ્સ સફળતાપૂર્વક અમલમાં મૂક્યા છે. ત્રણ ખાણોમાંથી બે ખાણોની આંશિક રીતે શોધખોળ કરવામાં આવી છે, જ્યારે એકની સંપૂર્ણ શોધ થઈ છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, જે ખાણો સાથે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે તેમાં મચ્છકટા કોલ માઈન, કુડનાલી લુબરી કોલ માઈન અને સખી ગોપાલ-બી કાકુરહી કોલ માઈન છે. એનએલસી ઈન્ડિયા લિમિટેડ, ગુજરાત મિનરલ ડેવલમેન્ટ કોર્પોરેશન લિમિટેડ અને તમિલનાડુ જનરેશન એન્ડ ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડને આ હરાજીમા સફળતા મળી છે.

આ ત્રણ ખાણોમાંથી વાર્ષિક આવકનું ઉત્પાદન આશરે રૂ. 2 હજાર 991.20 કરોડ છે, એકવાર આ ખાણો કાર્યરત થઈ ગયા પછી, અંદાજે 40 હજાર 560 પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન થશે. વધુમાં, આ કોલસાની ખાણોને કાર્યરત કરવા માટે અંદાજે રૂ. 4 હજાર 500 કરોડનું કુલ રોકાણ કરાશે..

# Telangana - Crop loan Waiver

તેલંગાણા સરકારે પાક લોન માફીના અમલીકરણ માટેની માર્ગદર્શિકા જાહેર કરી છે.. આ માર્ગદર્શિકા સાથેનો એક સરકારી આદેશ પ્રસિધ્ધ કર્યો છે. સરકારી આદેશ અનુસાર ખેડૂત પરિવાર દીઠ બે લાખ રૂપિયા સુધીની લોન માફ કરવામાં આવશે. રેશનકાર્ડના આધારે આ લોન માફીની કામગીરી કરાશે.. 12મી ડિસેમ્બર, 2018થી લઇને ગયા વર્ષની 9મી ડિસેમ્બરની વચ્ચે મેળવેલી ટૂંકા ગાળાની પાક લોન માફ કરવામાં આવશે.. વ્યાપારી બેંકો, ગ્રામીણ બેંકો અને જિલ્લા સહકારી બેંકો પાસેથી ખેડૂતોએ જે લોન મેળવેલી હશે તેને માફ કરાશે..

લોન માફી કાર્યક્રમ હેઠળ, ખેડૂતોએ બેંકોને લોનની વધારાની રકમ ચૂકવવાની રહેશે અને બાકીના બે લાખ રૂપિયા ખેડૂતોના લોન ખાતામાં જમા કરવામાં આવશે. રાજ્ય સરકાર કૃષિ લોન માફીના અમલીકરણ માટે એક વિશિષ્ટ પોર્ટલનું સંચાલન કરશે અને દરેક ખેડૂતના લોન ખાતા, ડેટા, માન્યતા, પાત્રતા સહિતની તમામ વિગતો પોર્ટલમાં ઉપલબ્ધ કરાવાશે. ખેડૂતોની ફરિયાદોના નિરાકરણ માટે એક ફરિયાદ સેલ પણ રચાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# Pak Army Cantonment

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ગઈકાલે સેનાના છાવણી વિસ્તારમાં થયેલા આતંકવાદી હુમલામાં 17 જવાનોના મોત થયા છે.

મળતી માહિતી મુજબ બન્નુ જિલ્લામાં આત્મઘાતી હુમલાખોરે છાવણીના એક દ્વાર પર સેનાના તેલ ટર્મિનલના વાહનોને ટક્કર મારી જ્યારે તેના અન્ય ત્રણ સાથીદારો ગ્રેનેડ ફેંકીને અંદર ઘૂસ્યા હતા. જવાબી કાર્યવાહીમાં 4 આતંકીઓ માર્યા ગયા હતા. આતંકીઓ દ્વારા સેનાના હેલિકોપ્ટરને પણ તોડી પડ્યું હતું. હજુ સુધી કોઈપણ આતંકવાદી જૂથે આહુમલાની જવાબદારી લીધી નથી.

# NIKASH

જૂનમાં દેશની મર્ચેન્ડાઇઝ નિકાસ 2.56 ટકા વધીને 35.20 અબજ અમેરિકી ડોલર થઈ છે. ગયા વર્ષે આ જ મહિનામાં નિકાસ 34.32 અબજ ડોલર હતી. તે જ સમયે, જૂનમાં કુલ માલસામાન અને સેવાઓની સંયુક્ત નિકાસ 65.47 અબજ અમેરિકી ડોલર હોવાનો અંદાજ છે. જૂન 2024 માટે કુલ આયાત 73.47 અબજ અમેરિકી ડોલર હોવાનો અંદાજ છે. જે જૂન 2023ની સરખામણીમાં 6.29 ટકાની સકારાત્મક વૃદ્ધિ દર્શાવે છે.

નિકાસના આંકડાઓ વિશે માહિતી આપતા વાણિજ્ય સચિવ સુનીલ બર્થવાલે જણાવ્યું હતું કે, વર્તમાન વલણને ધ્યાનમાં લેતાં નાણાકીયવર્ષ 2024-25માં દેશની માલસામાન અને સેવાઓની કુલ નિકાસ 800 અબજ ડોલરના આંકડાને પાર કરી શકે છે. તેમણે કહ્યું કે, નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન સામાન અને સેવાઓની નિકાસ લગભગ 200 અબજ અમેરિકી ડોલર રહી છે.

# Jammu Amarnath Yatra

4 હજાર 132 તીર્થયાત્રીઓનો બીજો સમૂહ જમ્મુમાં ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી અમરનાથની યાત્રા કરવા માટે રવાના થયો હતો. યાત્રાળુઓ આજે વહેલી સવારે 151 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી નીકળ્યા હતા. બેચમાં 2 હજાર 872 પુરૂષો, 1 લહજાર 168 મહિલાઓ, 18 બાળકો, 68 સાધુઓ અને 06 સાધ્વીઓનો સમાવેશ થાય છે.

# HM-NCORD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુરુવારે નવી દિલ્હીમાં નાર્કો-કો-ઓર્ડિનેશન સેન્ટરની 7મી સર્વોચ્ચ-સ્તરની બેઠકની અધ્યક્ષતા કરશે. શ્રી શાહ નેશનલ નાર્કોટીક્સ હેલ્પલાઈન માદક પદાર્થ નિષેધ અસુચના કેન્દ્ર ‘માનસ’નું લોકાર્પણ કરશે અને શ્રીનગર ખાતે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ઝોનલ ઓફિસનું ઉદ્ઘાટન કરશે.

શ્રી શાહ એનસીબીનો ‘વાર્ષિક અહેવાલ 2023’ અને ‘નશા મુક્ત ભારત’ પર અહેવાલ પણ રજૂ કરશે. આ બેઠક ભારતમાં ડ્રગની હેરાફેરી અને દુરુપયોગનો સામનો કરવા માટે સંકળાયેલી વિવિધ કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓના પ્રયાસોનું સંકલન અને સમન્વય કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# KHARFI PAK

ભારતમાં ખરીફ પાકની વાવણી પાંચ સો 75 લાખ હેક્ટરને વટાવી ગઈ છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે કે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન લગભગ 50 લાખ હેક્ટરની સરખામણીમાં 62 લાખ હેક્ટરથી વધુ કઠોળની ખેતી નોંધાઈ છે.

તેલીબિયાંનું વાવેતર 140 લાખ હેક્ટરથી વધુ નોંધાયું હતું જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન 115 લાખ હેક્ટરથી વધુ હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે ડાંગરના પાકનું વાવેતર વધીને 15 લાખ હેક્ટરથી વધુ થયું છે જે અગાઉના વર્ષના સમયગાળામાં 95 લાખ હેક્ટરથી વધુ હતું.

પુલ-અનિલ પટેલ-યશ્રી.

# AFGHANISTANFLOOD

પૂર્વ અફઘાનિસ્તાનના નાંગરહાર પ્રાંતમાં વાવાઝોડા અને પૂરપ્રકોપને કારણે 35 લોકોના મોત થયા છે અને 250 ઈજાગ્રસ્ત થયા હતા. ગઈકાલે પાકિસ્તાનની સરહદે આવેલા જલાલાબાદ, સુખ રોડ જીલ્લા અને તેમના પડોશી વિસ્તારોમાં વરસાદ અને વાવાઝોડાએ વિનાશ વેર્યો હતો..

આ કુદરતી આપત્તીને મૃત્યઆંક વધે તેવી પણ શક્યતા છે.. નંગરહારના પડોશી કુનાર પ્રાંતમાં પણ કુદરતી આફતને કારણે પાંચ લોકોના મોત થયા હતા. અફઘાનિસ્તાનમાં મે મહિનાથી ભારે વરસાદ અને પૂરને કારણે 400 થી વધુ લોકો માર્યા ગયા છે અને હજારો લોકો બેઘર બન્યા છે.

દરમિયાન ચીનના ઉત્તરીય વિસ્તારમાં ભારે વરસાદ પડવાની આગાહી છે. સત્તાવાળાઓએ આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પૂર નિયંત્રણ અને વ્યવસ્થાપન મંત્રાલયના અધિકારીઓએ સાથે બેઠકમાં જણાવ્યું હતું કે આગામી દિવસોમાં વરસાદ ઉત્તર તરફ આગળ વધવાની ધારણા છે.